# નવરાત્રિ

આમ તો ભારતભરમાં ભિન્નભિન્ન સમુદાયના લોકો હળીમળીને રહેતા હોવાથી વર્ષભર તહેવારો ઉજવાતા રહે છે, પરંતુ દીવમાં તહેવારોની જે મજા અને લોકોનો તહેવારો પ્રતિ જે ઉત્સાહ જોવા મળે છે એ અનેરો છે. દીવમાં આમ તો ઘણાં બધા તહેવારો ઉજવાય છે - દિવાળી, નવરાત્રિ, જન્માષ્ટમી, હોળી વગેરે. તેમાં પણ નવરાત્રિ એટલે નાના મોટા સૌનો માનીતો તહેવાર. નવ-નવ દિવસ સુધી માતાજીની આરાધના સાથે યૌવન હિલોળે ચડેલ જોવા મળે છે.

નવરાત્રિના નવ દિવસ સુધી લોકો માતાજીની મૂર્તિ બેસાડીને કે માતાજીના નામનો ગરબો, જેમાં નવ દિવસ સુધી અખંડ દીવો બળતો રહે છે, તેનું ઘરમાં સ્થાપન કરીને શ્રધ્ધાથી પૂજા અને ઉપવાસ કરે છે. શેરી, ગલીઓમાં અને મહોલ્લામાં જ્યાં જોઈએ ત્યાં - મા પાવા તે ગઢથી ઊતર્યા મા..... પંખીડા તું ઊડી જાજે પાવાગઢ રે..... મારી મહાકાળીને જઈને કહેજે ગરબે રમે રે..... જેવા ભક્તિરસમાં ડૂબેલા પ્રાચિન તથા અર્વાચીન ગરબા સાંભળવા મળે છે.

શરદઋતુમાં આસો સુદ એકમથી દશમ સુધી આવતો નવરાત્રિ મહોત્સવ આજે તો ભારતભરમાં પ્રચલિત છે. વિદેશોમાં પણ જ્યાં જ્યાં ભારતીયો જઈને વસ્યા છે, ત્યાં ત્યાં પણ ઉમંગ અને ઉત્સાહથી આ ઉત્સવ મનાવે છે. નવદિવસના પર્વનો પ્રત્યેક દિવસ 'નોરતા'ના નામે પ્રચલિત છે. નવરાત્રિના નવ દિવસ કોરી માટીના કાણાવાળા રંગબેરંગી ઘડામાં ઘીનો અખંડ દીવો અને રાત્રે માની આરતી સાથે રંગબેરંગી નરનારીઓ ગરબો ઘૂમે છે. 'ગરબો' શબ્દનું મૂળ ગર્ભ છે. માટી અને ઘડો સર્જનનાં પ્રતીકો છે.



દીવ વાંઝા દરજી સમાજ યુકે તરફથી યોજાયેલ વિજયાદશમી નિમિત્તે ગરબા અને દાંડિયારાસનો ઉત્સવ. છબી સૌજન્ય સન્ની નરેન્દ્ર.



દીવ વાંઝા દરજી સમાજ યુકે તરફથી યોજાયેલ વિજયાદશમી નિમિત્તે ગરબા અને દાંડિયારાસનો ઉત્સવ. આ તસવીરમાં આરતી થતી જોવામાં આવે છે. છબી સૌજન્ય સન્ની નરેન્દ્ર.

આદ્યશક્તિ નવદુર્ગાનાં નવ સ્વરૂપ અને નવ નામ છે. માર્કંડ પુરાણમાં એવી કથા છે કે સ્વર્ગલોક અને પૃથ્વી પર હાહાકાર મચાવનાર મહિષાસુર નામના રાક્ષસનો પરાશક્તિ નવદુર્ગાએ નવ દિવસ સુધી યુદ્ધ કરી સંહાર કર્યો. આ યુદ્ધમાં નવદુર્ગાની ઉગ્રતા વધતી જ ગઈ અને એની સાથે સાથે તેમનાં રુદ્ર રૂપો પણ બદલાતાં ગયાં. એમનાં નવ સ્વરૂપો ચંડા, ચંડવતી, ચંડરૂપા, ચંડનાયિકા, રુદ્રચંડા, ચંડોગ્રા, પ્રચંડા, અતિચંડા, અને ઉગ્રચંડાના નામે પ્રચલિત છે. તેમનાં નવ નામ પણ દુર્ગા, નીલદુર્ગા, રુદ્રદુર્ગા, વનદુર્ગા, અગ્નિદુર્ગા, રિપુરીદુર્ગા, જયદુર્ગા, જલદુર્ગા અને વિન્દયવાસી દુર્ગા તરીકે જાણીતાં છે. એવું કહેવાય છે કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણેય દેવોએ યોગબળથી મહાતેજ પ્રગટાવ્યું જેની તીવ્ર જ્યોતિમાંથી નવદુર્ગા પ્રગટ થયાં. એ ત્રિદેવે પોતાનાં ખાસ શસ્ત્રોની મહાન શક્તિ નવ દુર્ગાને આપી. વિષ્ણુના ચક્ર, શિવજીના ત્રિશૂળ, કુબેરની ગદા, વિશ્વકર્માના ફરસુ, વાયુનાં સૂર્યબાણ, વરુણના શંખ, અને સાગરે આપેલ મોતીમાળાને ધારણ કરી સિંહના વાહન પર આરૂઢ થઈ જગદંબાએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કરી તેને હણી, ત્રણેય લોકને ભય મુક્ત કર્યાં. અંતે દૈવી શક્તિનો વિજય થયો. આપણે પણ આસુરી શક્તિની નાગચૂડમાંથી મુક્ત થવા નવેનવ દિવસ અખંડ દીપ પ્રગટાવી માજગદંબાની પૂજા કરી તેની પાસેથી શક્તિનું વરદાન માગીએ, સાત્ત્વિક વૃત્તિના વિજય માટે શક્તિની ઉપાસના જરૂરી છે.

અનાદિ કાળથી સત્-અસત્ વચ્ચે સંઘર્ષ ખેલાતો આવ્યો છે. આસુરીવૃત્તિએ દૈવી વૃત્તિ ઉપર વિજય મેળવવાના પ્રયત્નો વારંવાર કર્યા છે. આ સંઘર્ષમાં સાત્ત્વિક વૃત્તિના વિજય માટે શક્તિની ઉપાસના કરવાનું જરૂરી બન્યું છે. વેદોમાં પણ શક્તિની ઉપાસનાનું મહત્ત્વ બતાવ્યું છે. પાંડવોને શક્તિની ઉપાસનાનું મહત્ત્વ સમજાવતાં મહર્ષિ વ્યાસે કહ્યું હતું, “જો તમારે ધર્મના મૂલ્યો ટકાવવાં હોય તો શક્તિની ઉપાસના કરવી

પડશે.” અર્જુનને પણ દિવ્ય શસ્ત્ર મેળવવા માટે સ્વર્ગમાં જવાનું સૂચન તેમણે જ કર્યું હતું. નવરાત્રિના દિવસો દરમ્યાન ગરબા કે રાસ રૂપે આપણે માની આસપાસ ઘૂમીએ છીએ. આપણી ભક્તિ અને ભાવનાનું કેન્દ્ર ‘શક્તિ’ હોય છે. માટીના ઘડામાં કાણાં કરી એ ઘડામાં દીવા મૂકી એની ઉપાસના કરવામાં આવે છે. એમાંથી પ્રગટતું તેજ આપણાં આંગણાને તેમજ અંતરને અજવાળે છે. અનિષ્ટ તત્ત્વો સામે દિવ્ય રટણની પ્રેરણા એજ આપણી પ્રાર્થના બની જાય છે. દૈવી શક્તિના આસુરી શક્તિ પરના વિજયને આપણે ગરબારૂપે વધાવી લીધો છે. આમ અનેક મહાત્માઓએ આ દિવસે વિજય મેળવ્યો અને દશમી વિજયાદશમી બની ગઈ. આ દિવસે દુષ્ટતાના પ્રતીક જેવા રાવણના પૂતળાને ઠેર ઠેર બાળવામાં આવે છે જે અસત્ય સામે સત્યનો વિજય દર્શાવે છે.



ગરબો. છબી સૌજન્ય દીયા દીપક.

દુર્ગાપૂજા એ નવરાત્રિની સાથે બંગાળમાં અવિનાભાવે સંકળાયેલ છે. માત્ર બંગાળમાં રહેતા બંગાળીઓ જ નહિ, પરંતુ ભારતમાં કોઈ પણ સ્થળે રહેતા બંગાળીઓ આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. ગુજરાતમાં નવરાત્રિ દરમ્યાન શક્તિપૂજાની સાથે સાથે ગરબા, ગરબી, રાસ વગેરે કાર્યક્રમો થાય છે. હવે તો ભારતનાં અન્ય રાજ્યોમાં પણ આ ઉત્સવ ફેલાવા માંડ્યો છે.

દુર્ગાની શક્તિશાળી અને સુંદર છબી આપણી આંખ સામે આવે છે. એનું વાહન સિંહ છે. એના દશ હાથમાં દશ યુદ્ધનાં દશ શસ્રો છે. એમનું ત્રિશૂળ પાડાની એક તરફ ઘૂસાડેલું હોય છે. એ પાડાના શરીરમાંથી અનિષ્ટના પ્રતીક જેવો મહિષાસુર પ્રગટે છે, જેને માત્ર ઈષ્ટ તત્ત્વ કે દૈવી શક્તિ જ હણી શકે. દેવીના માથા ઉપર શિવની નાની આકૃતિ હોય છે, જે દેવીના પતિ અને ઈષ્ટતત્ત્વના પ્રાણરૂપ છે. આ દેવીની સાથે સાથે એમનાં ચાર સંતાનો પણ બતાવ્યાં હોય છે. વિદ્યાદેવી સરસ્વતી, સમૃદ્ધિની દેવી લક્ષ્મી, સફળતાના સ્વામી ગણેશ અને પવિત્રતા તથા યુદ્ધના દેવ કાર્તિકેય એમનાં ચાર સંતાનો છે. ગણપતિ વિસર્જનની જેમ દુર્ગામાતાનું પણ દશમીને દિવસે ધામધૂમથી વિસર્જન થાય છે. ગુજરાતમાં નવરાત્રિના નામે ઓળખાતો આ તહેવાર બંગાળમાં દુર્ગાપૂજા કહેવાય છે. આ તિથિએ દુર્ગામાતા ઉપરાંત અનેક શૂર અને વીર માનવીઓએ, વિજય મેળવેલો હોવાથી કે વિજયપ્રાપ્ત કરવાનું મુહૂર્ત તે દિવસે કરેલું હોવાથી 'વિજયાદશમી' એ અત્યંત સુયોગ્ય નામ છે. શ્રી રામચંદ્રજીએ રાવણ પર વિજય મેળવવા આ દિવસે પ્રસ્થાન કરેલું. દશમી દશહરા નામે ઓળખાઈ. પાંડવોએ શમીવૃક્ષ પર સંતાડેલા તેમનાં હથિયારો આ દિવસે સજીને કૌરવો પર વિજય મેળવ્યો. છત્રપતિ શિવાજી મહારાજે ઔરંગઝેબને પરાજિત કરવા આ જ દિવસે પ્રસ્થાન કર્યું. તેને ત્રાહિમામ્ પોકારાવી હિંદુધર્મની રક્ષા કરી. આમ અનેક કથાઓ સંકળાયેલી છે. નવરાત્રિને અંતે આવતી વિજયાદશમીને દિવસે દુર્ગામાતા - જગદંબાએ મહિષાસુર ઉપર વિજય મેળવ્યો એટલે એ વિજયાદશમી કહેવાઈ.

શમીપૂજન પાછળ પણ એક કથા છે. વિશ્વજિત યજ્ઞ કરી સર્વસ્વનું દાન કરી ચૂકેલ રઘુરાજા પાસે જયારે વરતન્તુ શિષ્ય કૌત્સ પોતાના ગુરુને દક્ષિણા આપવા માટે ૧૪ કરોડ સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત કરવા આવ્યો, ત્યારે તે સમયે તેમની પાસે કશું નહતું. છતાં પણ દાન ધર્મભાવવાળા રઘુરાજાએ ધનપ્રાપ્તિ માટેના પ્રયાસ માટે થોડો સમય માંગતાં કૌત્સને ત્રણ દિવસ માટે રોકાઈ જવાની વિનંતી કરી. દાનાર્થે ધનપ્રાપ્તિ માટે ઈન્દ્ર પર ચડાઈ કરીને રઘુરાજાએ ધન મેળવવાની જે પેરવી કરી તેનો ઈન્દ્રને ખ્યાલ આવ્યો અને પોતાના ભંડારી કુબેર પાસે રાજાનો ખજાનો ભરાવી દીધો. આમાંથી ચૌદ-કોટિ સુવર્ણમુદ્રા કૌત્સ ગુરુદક્ષિણા આપવા માટે લઈ ગયો. બાકીના ધનનો ગામ બહાર આવેલા શમીવૃક્ષ નીચે ઢગલો કરાવી તે ધન પ્રજાજનો પાસે લૂંટાવ્યું. તે દશેરાનો દિવસ હતો. તેથી આજે પણ લોકો દશેરાને દિવસે શમીપૂજન કરી તેનાં પાંદડાંને સોનું ગણીને લૂંટે છે અને બીજાને આપે પણ છે.

યોગાનુયોગ આ જ રામના રાજયભિષેકનો દિવસ અને તેજ દિવસે એમનું વનપ્રસ્થાન પણ થયું. ત્યારબાદ સીતાજીને છોડાવ્યાં તે પણ આ જ દિવસે. આપણી દશ ઈન્દ્રિયો રાવણમાં વિકૃત સ્વરૂપે હતી. તેથી રાવણનો સંહાર કરી તથા ઈન્દ્રિયો પર વિજય મેળવીને તેઓ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા.

નવરાત્રિ વખતે ઠેરઠેર રામલીલા થાય છે, ને દશમે દિવસે રાવણનું પૂતળું બાળવામાં આવે છે. દિલ્હી અને વારાણસી પાસે ગંગાની પેલે પાર આવેલા રામનગરમાં ભજવાતી રામલીલા ખરેખર અદ્ભુત હોય છે. દુષ્ટ વ્યક્તિના પ્રતીકરૂપે રાવણનું પૂતળું બાળવામાં આવે છે. આમ તો માણસમાત્રમાં રામ અને રાવણ વસે છે. તેઓ ક્યારેક સંઘર્ષનો માર્ગ અપનાવે છે. કોઈનામાં રામ વધારે તો રાવણ ઓછો તો કોઈનામાં રાવણ વધારે ને રામ ઓછા.

વિજયાદશમીએ થતા શુભ પ્રસ્થાન અંગે શાસ્ત્રોમાં પણ કેટલાંક વર્ણનો છે. શુભ કાર્યોની શરૂઆત માટે ઉત્તમ મનાતા આ દિવસે પાછલા પહોરે શમીપૂજન કરવું. જયની ઇચ્છાવાળાઓએ ગામનો સીમાડો આ દિવસે ઓળંગવો. રાજાઓએ મોટી સંખ્યામાં હાથી ઘોડા શણગારીને રાજદરબારમાંથી ઠાઠમાઠથી સવારી કાઢીને શમીપૂજન કરવા જવું. ત્યાં શમીના મૂળની તથા દિક્પાલોની હૃદયપૂર્વક પૂજા કરવી. સૂર્યવંશી

રાજા રામચંદ્રનું ધ્યાન ધરવું, પ્રજાજનો તેમ જ ઉમરાવોને બક્ષિશ આપી તેમને પ્રસન્ન કરવા. વિદ્યાર્થીઓએ પણ વિદ્યાની આરાધના કરતાં કરતાં દિવસો પસાર કરવા. આળસ અને અજ્ઞાન ત્યજીને કલમની પૂજા કરવી. આ રીતે સાચી આરાધના થાય. આપણે પણ અજ્ઞાન અને આળસને બાળી નવા જીવનની શરૂઆત કરીએ. શ્રી રામે તો રાવણ સાથે યુદ્ધ કર્યું હતું પણ આપણે વિદ્યાર્થીઓએ તો પોતાની અંદર વસતા રાવણ સામે યુદ્ધ કરવાનું છે. આ થાય તો જ સાચી વિજયાદશમી મનાવાઈ કહેવાય.

દશેરા એટલે ભક્તિ અને શક્તીનો પવિત્ર દિવસ. મક્કમ સંકલ્પ સાથે રણે ચડવાનો દિવસ એટલે જ દશેરા. શૌર્ય, વીરતા અને પરાક્રમના ત્રિવેણી સંગમ જેવા આ દશેરાને આપણે ખૂભ જ માણીએ.

આર્યોના આગમન પૂર્વે ભારતમાં વસતા દ્રાવિડોમાં માતૃપ્રધાન સંસ્કૃતિ હતી, જેમાં સ્ત્રીને અનન્ય મહત્ત્વનું સ્થાન હતું. નવરાત્રિનો ઉત્સવ આપણને માની અનન્ય શક્તિની યાદ અપાવે છે. ‘મધુ’ અને ‘કૈડભ’ જેવા રાક્ષસોને વિષ્ણુએ મહાકાળીની સહાયથી હણ્યા. બધા દેવોને સ્વર્ગની બહાર કાઢી મૂકનાર મહિષાસુર જેવા માયાવી રાક્ષસને માતા મહાલક્ષ્મીએ એકલા હાથે હણ્યા. તેમજ “શુંભ” અને “નિશુંભ” જેવા ગર્વિષ્ઠ રાક્ષસોનો ઉચ્છેદ મહાસરસ્વતીએ કર્યો. સર્જન, રક્ષણ અને વિનાશનાં ત્રણેય કાર્યો શક્તિ એકલી જ કરી શકે. તેથી જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી શક્તિનું સ્વરૂપ પર છે.

**દીપક કનકસિંહ**

સંકલનકર્તા

આ લેખના ગુજરાતી સુધારા બદલ હું શ્રીમાન પ્રદીપ વસંતલાલનો ખૂબ ખૂબ આભારી છું.

આ લેખમાં દર્શાવેલ તસવીરો પૂરી પાડવા બદલ હું ભાઈ સન્ની નરેન્દ્ર અને દીયા દીપકનો પણ ખૂબ આભારી છું.